હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

નવરાત્રીમાં નવે નવ દિવસ કૂદતી હતી ત્યારે પગ નહોતા દૂખ્યા અને જ્યારે દિવાળીની સફાઈ કરવાની આવી ત્યારે...!!

કોબા જ્ઞાનમંદિરના જૈન પ્રાચીન ગ્રંથોથી રાષ્ટ્રપતિ પ્રભાવિત

રાષ્ટ્રીય સંત પૂજ્ય આચાર્ય પદ્મસાગરસૂરિશ્વરજી સાહેબ સાથે સૌજન્ય મુલાકાત કરતા રાષ્ટ્રપતિ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૧૩

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ગુજરાત મુલાકાતે આવ્યા છે. રાષ્ટ્રપતિશ્રીએ આજે ગાંધીનગર જિલામાં આવેલા મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા ખાતે આચાર્ય કૈલાસસાગરસૂરિ યજ્ઞાનમંદિરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત પ્રસંગે રાષ્ટ્રપતિશ્રીના ધર્મપત્ની, રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ શ્રી કોવિંદ સહિતના મહાનુભાવોએ રાષ્ટ્રીય સંત પૂજ્ય આચાર્ય પદ્મસાગર સુરેશ્વરજી મહારાજની મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતા. આ સાથે રાષ્ટ્રપતિ શ્રી કોવિંદે પૂજ્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરની મુલાકાત લેવાનો તેમનો સંકલ્પ પણ પૂર્ણ કર્યો હતો.

રાષ્ટ્રપતિ શ્રી કોવિંદે જૈન આરાધના કેન્દ્ર સ્થિત આચાર્યશ્રી કૈલાસસાગર સૂરિજી જ્ઞાનમંદિરની મુલાકાત દરમિયાન જ્ઞાનમંદિરની સ્થાપના, ભારતની વિવિધ ભાષા-લિપિઓમાં ઉપલબ્ધ અંદાજે બે લાખ હસ્તલિખિત જૈન ગ્રંથો, વિવિધ મેગેઝીન, ભારતની અમૂલ્ય ધરોહર સમાન અતિ પ્રાચીન અને ૧૦૦૦ વર્ષ જૂની દુર્લભ પાંડુલિપિઓનો અમુલ્ય સાહિત્યિક ખજાનો રસપૂર્વક નિહાળીને તેના વિશે વિગતો મેળવીને ખૂબ જ પ્રભાવિત-અભિભૂત થયા હતા.

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આ પ્રસંગે પૂજ્ય

રાષ્ટ્રસંત આચાર્ય પદ્મસાગરસૂરીસ્વરજી મહારાજ સાથેના તેમના ૨૫ વર્ષ જૂના સંબંધોની યાદો-સ્મરણો તાજા કર્યા હતા.

આ ઉપરાંત રાષ્ટ્રપતિશ્રી જૈન મૂનિઓ તેમજ જૈન સમાજના અગ્રણી ભાઈઓ-બહેનો સાથે સંવાદ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિશ્રી કોવિંદ વર્ષ ૧૯૯૪માં રાજયસભાના સભ્ય હતા ત્યારે રાષ્ટ્રસંત આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી સાથે તેમનો પ્રથમ પરિચય થયો હતો. ત્યારથી તેઓ સતત આચાર્ય સાથે રૂબરૂ અથવા પત્રવ્યવહારના માધ્યમથી સંપર્કમાં છે. શ્રી કોવિંદ ભારતના રાષ્ટ્રપતિ પદે બિરાજમાન થયા બાદ રાષ્ટ્રસંત પદ્મસાગર સૂરિશ્વરજીના જન્મોત્સવની ઉજવણી પ્રસંગે પ્રથમવાર મહેસાણા-ગુજરાતની મુલાકાતે પણ આવ્યા હતા જે શ્રી કોવિંદનો પ્રથમ જાહેર કાર્યક્રમ હતો.

આ પ્રસંગે જૈન સંતો-મૂનિઓ, એલિસબ્રિજના ધારાસભ્ય રાકેશ શાહ સહિત જૈન સમાજના અગ્રણી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના યુવાનનું મિડિયા રિસર્ચ પેપર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં રજૂ થશે

ગાંધીનગર, તા.૧૩

શહેરના સે-૧૩-બીના રહેવાસી પાર્થ પટેલ જે ગુજરાત યુનિવર્સિટીના મિડીયા રિસર્ચ સ્કોલર છે તેમનું રિસર્ચ પેપર ભોપાલ ખાતે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પસંદગી પામ્યું છે.

ભોપાલ સ્થિત માખનલાલ ચતુર્વેદી રાષ્ટ્રીય પત્રકારિતા તેમજ સંચાર વિશ્વ વિદ્યાલય આયોજિત આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પાર્થ પટેલ દ્વારા 'ભારતના ઈતિહાસમાં જાહેર ખબરોના વલણોના પ્રભાવનો અભ્યાસ' રિસર્ચ પેપર આગામી ૯ થી ૧૧ નવેમ્બર દરમિયાન રજુ થશે.

ગોકુળપુરા પાસેથી રીક્ષામાં દારૂનુ ખરીદ-વેચાણ કરતા ૪ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

કાઉન સર્કલથી સેકટર-૧૪ છાપરા નજીક પેટ્રોલ પંપ સાથે રીક્ષામાં વિદેશી દારૂ રાખીને ખરીદ-વેચાણ કરતા ૪ શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. આ શખ્સો પાસેથી પોલીસે વિદેશી દારુની બોટલ નંગ-૪ રૂ.૧૬૦૦ અને રૂ. ૯૦ હજારની રીક્ષા કબ્જે કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ડી સ્ટાફના જવાનો સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન સાથે રહેતા મહાવીરસિંહ કુબેરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે સાંજના સુમારે કાઉન સર્કલથી સેકટર-૧૪ ગોકુળપુરા છાપરા રોડ ઉપર થઈને અજય ઉર્ફે ભયલુ રમેશ ઠાકોર એક લીલી કલરની પીળા હુડવાળી રીક્ષા જી.જે.૧૮.એ.વાય-૮૪૦૦ નો ચાલક વિદેશી દારૂની બોટલો વેચાવ માટે પસાર થઈ રહ્યો છે. જેને પગલે પોલીસ પેટ્રોલ પંપ પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી. ત્યારે વર્ણન મુજબની રીક્ષા આવતા પોલીસે તેને કોર્ડન કરી ઉભી રખાવતા આગળ એક અને પાછળ ત્રણ ઈસમો બેઠેલા હતા. જેમાં પોલીસે ભયલુ અંગે પુછપરછ કરતા પાછળ બેઠેલા એક શખ્સે પોતે અજય ઉર્ફે ભયલુ રમેશજી ઠાકોર, સંજય ઉર્ફે દાદુ ભરતજી ઠાકોર, શૈલેષ ગોવિંદ પરમાર અને રીક્ષા ચાલક રવિ પ્રહલાદ રાવળનો સમાવેશ થાય છે. જયારે અજય ઠાકોર પાસેથી પોલીસને ચાર બોટલ વિદેશી દારૂની મળી આવી હતી. જયારે સંજય અને શૈલેષ પાસેથી પોલીસને અંગજડતી દરમિયાન કંઈ મળી આવ્યું ન હતું. પોલીસે ૪ બોટલ વિદેશી દારુ કિ.રૂ.૧૬૦૦ તેમજ રીક્ષા કિં.રૂ.૯૦,૦૦૦ કબ્જે કરી પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસિએશનની સ્થાપના

જિલ્લાના ખેલાડીઓને પસંદગી પ્રક્રિયામાં થતા અન્યાય સામે લડત આપવાથી માંડીને જિલ્લામાં ક્રિકેટની રમતના વિકાસ માટે જીડીસીપીએ કાર્યરત બનશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં ક્રિકેટની રમતમાં ખેલાડીઓને પ્રોત્સાહન, માર્ગદર્શન તથા તેમના હક્કો પ્રત્યે જાગૃતિ સાથે સાથ મળી રહે તેમજ જિલ્લામાંથી આંતરરાષ્ટ્રીય સ્તરે રમતા ક્રિકેટર પેદા થાય તેવા શુભાશયથી આજે ઈન્ફોસિટી રિસોર્ટ ખાતેથી 'ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસિએશન જીડીસીપીએ'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના પૂર્વ રણજી ટ્રોફી ખેલાડી સમીર સુશીલ અને મહિલા ખેલાડી પ્રીતિ વઢવાણા સાથે જીડીસીપીએની વર્કિંગ કમિટીના સલીલ યાદવ, રાજેશ તાબિયાર, ઝહીર મન્સુરી તથા દ્વિજય શર્મા સહિત જિલ્લાના ક્રિકેટ કોચીઝ, ખેલાડીઓ અને ક્રિકેટ રસિકો ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીનગર જિલ્લાના રણજી ટ્રોફી પ્લેયર સલીલ યાદવે આ પ્રસંગે જણાવ્યું હતું

કે 'જિલ્લામાં ક્રિકેટનુ સ્તર ઉપર લાવવા સ્થાનિક કક્ષાએ સ્પર્ધાઓનું આયોજન કરવા, સ્થાનિકથી માંડીને રાષ્ટ્રીય સ્તર સુધી ખેલાડીઓની પસંદગીમાં જિલ્લાના ખેલાડીઓને થતા અન્યાય માટે અવાજ ઉઠાવવા પ્રતિબદ્ધતા ધરાવતા ખેલાડીઓ માટે યોગ્ય માર્ગદર્શન, સાધન-સુવિધા, કોચીંગ, સ્પોન્સરશીપ જેવી વ્યવસ્થા કરવા સાથે જિલ્લાની ક્રિકેટ ક્ષેત્રે બાળ પ્રતિભાઓને વિકસાવવા પગલાં ભરવા જીડીસીપીએની સ્થાપના કરવામાં આવી છે.' આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ક્રિકેટર્સ, કોચીઝ તથા ક્રિકેટ રસિકો અને બાળ ખેલાડીઓના માતા-પિતા વગેરેના અભિપ્રાય પણ મેળવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે 'ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસિએશનની' સ્થાપના ૧૩ સભ્યો દ્વારા કરવામાં આવી છે જેમાં સલીલ યાદવ, રાજેશ તાબિયાર, રોહિત દહિયા, મોહનીશ પરમાર, ઈશ્વર ચૌધરી, પાર્થ પરીખ, રાહુલ પરમાર, મંથન શાહ, દ્વિજય શર્મા, ઝહીર મન્સુરી, પરાગ પટેલ, પ્રથમેશ પરમાર તથા વેણુ શ્રીનિવાસનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લામાં ક્રિકેટની રમત માટે વધુ સુવિધા અને ખેલાડીઓ માટે આસાનીથી ઉપલબ્ધ થઈ શકે તેવા ક્રિકેટ ગ્રાઉન્ડના વિકાસ માટે આયોજન હાથ ધરવાની ચર્ચા કરવામાં આવી હતી.

એસએસવી કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે નવરાત્રી દરમિયાન ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નર્સરી, જુનિયર, સિનિયર વર્ગના વિદ્યાર્થીઓએ રાસ ગરબા મન મૂકીને માણ્યા હતા. દરેક બાળકોને નવરાત્રી, રામાયણ તથા દશેરાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

કોલવડા પગીવાસ પાસેથી જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે પગીવાસ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૭ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે કોલવડા ગામે પગીવાસ નજીક આવેલ ખુલ્લા જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જાહેરમાં જુગાર રમતા શંભુજી સેધાજી ઠાકોર, દિલિપ શનાજી ઠાકોર, ફુલાજી મોતીજી ઠાકોર, ભલાજી આતાજી ઠાકોર, મહોતજી ખોડાજી ઠાકોર, પધાજી મોતીજી ઠાકોર અને શંકર અમરત ઠાકોરને પકડી પાડ્યા હતા. તમામ જુગારીયાઓ કોલવડા ગામના રહેવાસી છે. જયારે પોલીસે દાવ પરથી રોકડ રકમ રૂ. ૪૩૦ મળી આવ્યા હતા.જયારે તમામ જુગારીઓની અંગજડતી દરમિયાન કુલ રૂ. ૩૪૮૦ મળી કુલ રૂ.૩૯૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી પેથાપુર પોલીસે હાથ ધરી છે.

વિજય રૂપાણી જ્યાં જવાના છે તે ઉઝબેકિસ્તાન જીતવા સિંકદરે રાજકુમારી સાથે લગ્ન કર્યા હતા

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજયના ઉચ્ચ અધિકારીઓ તેમજ બિઝનેસ ડેલિગેશન સાથે જે દેશના પ્રવાસે જવાના છે તે ઉઝબેકિસ્તાનનો ઈતિહાસ ઘણો રસપ્રદ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દેશમાં બે વખત ગયા છે અને ભારત તેમજ ઉઝબેકિસ્તાન વચ્ચે વ્યાપાર-વ્યવસાયના કરાર કર્યા છે. ગુજરાતની છેલ્લી વાયબ્રન્ટ સમિટમાં ઉઝબેકિસ્તાન એ ગુજરાતનું પાર્ટનર કન્ટ્રી પણ બની ચૂક્યું છે. આ દેશના એન્ડીજન ક્ષેત્રમાં

વિશ્વનો ચોથો મોટો ગોલ્ડ ભંડાર આવેલો છે, વર્ષે ૮૦ ટન સોનું ખાણોમાંથી કાઢવામાં આવે છે

૧૯ અને ૨૦ ઓક્ટોબરે પહેલી ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ ફોરમ થવાની છે જેમાં ૨૦થી વધુ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેવાના છે. ફોરમના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે એન્ડીજન ક્ષેત્રના રાજયપાલ શૌકત અબ્દુરખમાનોવની દ્વિપક્ષીય બેઠક થવાની છે.

સિકંદરને પ્રતિરોધનો સામનો કરવો પડ્યો...

એશિયાના કેન્દ્રીય ભાગમાં સ્થિત ઉઝબેકિસ્તાન ચારેબાજુએ જમીનથી ઘેરાયેલો દેશ છે. ૧૯૯૧ સુધી આ દેશ સોવિયત સંઘનો ઘટક હતો. આ દેશના પ્રમુખ શહેરોમાં તાશકંદ, સમરકંદ અને બુખારા છે. અહીંના મૂળ નિવાસી ઉઝબેક જાતિના છે. માનવ વસવાટ અહીં ઈસાના ૨૦૦૦ વર્ષ પહેલાંથી છે. એવું માનવામાં આવે છે કે આજના ઉઝબેકોએ આર્યોને વિસ્થાપિત કરી દીધા હતા. સન ૩૨૭ ઈસા પૂર્વમાં સિકંદર જ્યારે વિશ્વ વિજય પર નિકળ્યો હતો ત્યારે તેને આ વિસ્તારમાં પ્રતિરોધનો સામનો કરવો પડ્યો હતો. તેણે અહીંની રાજકુમારી રોક્સાના સાથે લગ્ન પણ કર્યા પરંતુ યુદ્ધમાં તેને ફાયદો થયો નહીં તેમ છતાં આ દેશ લાંબા સમય સુધી ફારસી સામ્રાજ્યનો હિસ્સો રહ્યો છે.

મુસલમાનો પણ કૃષ્ણની આરાધના કરે છે...

આઠમી શતાબ્દિ દરમ્યાન અરબ સેનાઓએ આ ક્ષેત્ર પર તેમનો કબજો કરી આ દેશમાં રહેતી તુર્ક જનજાતિઓને ઈસ્લામ ધર્મમાં પરિવર્તિત કરી દીધી હતી. કહેવાય છે કે ઉઝબેકિસ્તાન બીજું મક્કા બનવા ઈચ્છે છે કે જ્યાં દર વર્ષે તમામ દેશોના તીર્થ યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. મધ્ય એશિયાના આ સૌથી વધુ વસતી ધરાવતા દેશમાં ઘણી પ્રાચીન સંરક્ષિત મસ્જિદો અને તીર્થસ્થાન આવેલા છે. મુસ્લિમ દેશ હોવા છતાં મુસલમાન આ દેશમાં ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરતાં હોય છે.

વયસ્કો અને મહિલાઓને બહુમાન મળે છે...

આ દેશની વિશેષતા એવી છે કે તેની સંસ્કૃતિ અને પરંપરા મહાન છે. વયસ્કોનો આદર કરવાનું આ જનતા ચૂકતી નથી. ઉઝબેકિસ્તાનમાં મોટી ઉંમરના લોકોનો આદર કરવામાં આવે છે. તેમની સાથે ઉંચા અવાજમાં વાત કરી શકાતી નથી. સન્માનિત અતિથિને ઘરના પ્રવેશ દ્વારથી થોડા અંતરે રાખીને સન્માન આપવામાં આવે છે. અભિવાદન માટે હાથ મિલાવવાની પ્રથા પુરૂષો સુધી સિમિત છે. આ દેશમાં મહિલાઓનું અભિવાદન કરવા માટે તેમના ડાબા હાથને દિલ પર રાખીને નમન કરે છે.

ભોજનમાં વપરાતી બ્રેડની અજીબ માન્યતા...

આ દેશમાં ભોજનના રૂપમાં પ્રયોગ કરવામાં આવે છે તે લેપિયોશકા (એક જાતની બ્રેડ)ની પ્રથા પ્રચલિત છે. કોઈપણ વ્યક્તિ તેના પ્રવાસ દરમ્યાન બ્રેડ સાથે લઈ જાય તો પણ તેને ઉંધી કે જમીન પર રાખવામાં આવતી નથી. આ બ્રેડ માટે કહેવાય છે કે તેને ઉંધી કરવામાં આવે તો જીવનમાં દુખ અને દર્દ વધી જાય છે. આ બ્રેડ માટે બીજી માન્યતા એવી છે કે કોઈપણ ઉઝ્બેક પરિવારનો સભ્ય જ્યારે કોઈપણ યાત્રા માટે જાય



તે પહેલાં બ્રેડનો અડધો ટૂકડો કાપીને ખાય છે અને બાકી બચેલા ટુકડાને છુપાવીને રાખે છે અથવા જમીનમાં ત્યાં સુધી ડાટે છે કે જ્યાં સુધી તે પ્રવાસ કરીને ઘરે પાછો ન આવે.

રાષ્ટ્રીય ભોજન પ્લોવ છે, સિંકદરની શોધ...

ઉઝબેક અને રશિયન ભાષા જ્યાં બોલવામાં આવે છે તે ઉઝબેકિસ્તાનમાં સુન્ની મુસ્લિમોની વસતી ૮૮ ટકા છે, પરંતુ ઉઝબેકિસ્તાનના મુસ્લિમો ધર્મનિરપેક્ષ હોય છે. તેમને બીજા કોઈપણ ધર્મથી પરેશાની હોતી નથી. ઉઝબેકિસ્તાનના લોકોને અલગ અલગ ભોજન કરવાનું ગમે છે. આ લોકોના ભોજનમાં ઈરાની, અરબ, ભારતીય તેમજ રૂસી તેમજ ચીનના વ્યંજનોની ઝલક જોવા મળે છે. આ દેશનું રાષ્ટ્રીય ભોજન પાલોવ છે જેને પ્લોવના નામથી પણ ઓળખવામાં આવે છે. આ ભોજનમાં મટન, ચાવલ, ડુંગળી અને ગાજરનો ઉપયોગ થાય છે. પાલોવ અંગે એવું કહેવાય છે કે આ ભોજનની શોધ સિંકદર મહાનના રસોઈયાએ કરી હતી. જો કે આ ભોજનને વધારે સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં લીલું મરચું અને ટામેટાં ઉમેરવામાં આવે છે.

વયસ્કોનો આદર, મહિલા સાથે હસ્તધૂનન નહી ડાબો હાથ દિલ પર રાખી નમન કરાય છે

ગરીબ દેશમાં ગોલ્ડમાઇનની બોલબાલા..

૨૦૧૫માં આ દેશની અર્થવ્યવસ્થામાં આઠ ટકાની વૃદ્ધિ થઈ હતી પરંતુ આ દેશ એશિયામાં સૌથી ઓછો વિકસિત અને ગરીબ દેશ છે. આ દેશના શહેરીજનો ગ્રામીણ લોકોથી બમણી કમાણી કરે છે. દુનિયાનો સૌથી મોટો કપાસ નિકાસ કરતો દેશ છે અને વિશ્વના પાંચમો કપાસ ઉત્પાદક દેશ છે. આ દેશની અર્થવ્યવસ્થામાં ખેતીને ખૂબ મહત્વ આપવામાં આવે છે. આ દેશમાંથી નિકાસ થતી તમામ કમાણી પર રાષ્ટ્રપતિ અને શાસકનો અધિકાર હોય છે.

ઉઝબેકિસ્તાનની અર્થવ્યવસ્થા મુખ્યરૂપથી કપાસ, સોનું યુરેનિયમ અને પ્રાકૃતિક ગેસ સહિત કોમોડિટી પર નિર્ભર છે. આ દેશ પાસે દુનિયાના ચોથો સૌથી મોટો સોનાનો ભંડાર છે. પ્રતિવર્ષ ૮૦ ટન સોનું આ દેશમાંથી નિકળે છે. સોનાના ઉત્પાદનમાં આ દેશનો ક્રમ વિશ્વમાં સાતમો આવે છે. આ દેશની સૌથી મોટી ગોલ્ડ માઈન રણવિસ્તારમાં છે. યુરેનિયમના ઉત્પાદનમાં આ દેશનો ક્રમ ૧૭મો અને પ્રાકૃતિક ગેસમાં ૧૧મો છે. આ દેશનો જીડીપી પ્રતિવ્યક્તિ (પીપીપી) ૭૦૦૦ ડોલર છે. ઉઝબેકિસ્તાને ૨૦૧૮ના વર્ષમાં ૧૧.૩૮ બિલિયન ડોલરની નિકાસ અને ૧૧.૪૪ બિલિયન ડોલરની આયાત કરી હતી.

૨૭૦૦ વર્ષ પુરાણી પિરામિડો આવેલી છે...

ઉઝબેકિસ્તાનમાં પુરાતત્વવિદોએ ૨૦૦૨માં પ્રાચીન પિરામિડોની શ્રેણી શોધી હતી જે ૨૭૦૦ વર્ષ પુરાણી હોવાનું માનવામાં આવે છે. આ દેશમાં ધ ઉગમ ચાટકલ નેશનલ પાર્ક આવેલો છે જે પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણ છે. અત્યારે આ દેશમાં પાણીની સૌથી મોટી સમસ્યા છે. આ દેશમાં ભૂગર્ભ જળ તેમજ નદીઓના પાણી સૂકાતા જાય છે. આ દેશના બાળકો તો ઠીક પણ વૃક્ષો પાણી માટે તરસે છે કેમ કે અહીં વરસાદ ખૂબ ઓછો થાય છે. ઉઝબેકિસ્તાનમાં ૧૯૯૧ પછી પહેલી ચૂંટણી ૨૦૧૬માં થઈ હતી, કેમ કે આ સમય દરમ્યાન રાષ્ટ્રપતિશાસન રહ્યું છે. ઈસ્લામ કરિમોવ રાષ્ટ્રપતિ રહ્યાં છે. આ દેશનો લોકપ્રિય ખેલ સોકર અને ટેનિસ છે. એ ઉપરાંત દેશમાં સાઈકલ ચલાવવી, મુક્કેબાજી, કુસ્તી અને જિમનાસ્ટિક મુખ્ય છે. દેશના પર્યટકોમાં ઉંટ ટ્રેકીંગ, લાંબી પદયાત્રા, બર્ડ વોચિંગ, રાફ્ટિંગ અને સ્કીઈંગ મશહૂર છે.

સવા ત્રણ કરોડની વસ્તી જળતરસી છે...

રાજધાની તાશકંદ સૌથી મોટું શહેર છે. આ દેશમાં કાનૂન સખ્ત છે. કાનૂન તોડનારા લોકોને સખ્ત સજા આપવામાં આવે છે. પોલિસ સાથે પણ ખરાબ વ્યવહાર માટે સજાની જોગવાઈ છે. ૨૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ડ્રગ્સ, તમાકુ અને શરાબનો ઉપયોગ નિષેધ છે એટલું જ નહીં તેમને ગુનેગાર ગણી સજા કરવામાં આવે છે. મહત્વની બાબત એવી છે કે જાહેર સ્થળો પર ફોટો લેવો પણ ગુનો ગણાય છે. આ દેશની જનસંખ્યા ૩.૧૮ કરોડની છે, કૃષિ યોગ્ય જમીન ૬૨.૬ ટકા છે પરંતુ પાણીના અભાવે ખેતીને વિપરિત અસર થઈ છે. આ દેશના લોકો ગ્રીન ટી વધુ પસંદ કરે છે. પ્રતિદિન લોકો ગ્રીન ટી પિવાનું પસંદ કરે છે. આ દેશનું ક્ષેત્રફળ ૪૪૮.૯૭૮ ચોરસ કિલોમીટર છે. આ દેશનું ચલણ ઉઝબેકિસ્તાનિ સોમ છે.

૨૦ વર્ષથી નીચેની વયના બાળકો ડ્રગ્સ, તમાકુ કે શરાબનું સેવન કરે તો સખ્ત સજા થાય